# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રોજગાર મેળામાં 51 હજાર યુવાનોને વિડીયો કોન્ફરન્સ દ્વારા નિમણૂક પત્રો સોંપશે.

2) પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં પર્યાવરણ અને આબોહવા ગતિશીલતાનું ભવિષ્ય વિષય અંગે એક આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે.

3) ભારતની સોફ્ટવેર સેવાઓનો નિકાસ 2025-26માં વાર્ષિક ધોરણે 8.2 ટકા વધીને 221 અબજ ડૉલરથી વધુ થયો.

4) પાકિસ્તાનમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક મસ્જિદ પાસે થયેલા વિસ્ફોટમાં 15 પોલીસકર્મીઓ સહિત 21 લોકો માર્યા ગયા અને 100 થી વધુ લોકો ઘાયલ

5) જાપાનમાં આજથી એશિયન ગેમ્સ 2026નો આરંભ - ભારતીય સમય મુજબ બપોરે અઢી વાગે ઉદ્ઘાટન સમારોહ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 20મા રોજગાર મેળામાં વિવિધ સરકારી સંસ્થાઓ માટે પસંદ થયેલા 51 હજાર યુવાનોને વિડીયો કોન્ફરન્સ દ્વારા નિમણૂક પત્રો સોંપશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે નવનિયુક્ત ઉમેદવારોને પણ સંબોધિત કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.................

## VOICE CAST – શિવાંગ

*("20वां रोजगार मेला देश भर के 45 स्थानों पर आयोजित किया जाएगा। इसके तहत नवनियुक्त कर्मचारी केंद्र सरकार के विभिन्न मंत्रालयों और विभागों में कार्य करेंगे। इनमें वित्त, रेल, गृह, स्वास्थ्य और परिवार कल्याण और रक्षा मंत्रालय शामिल हैं। इस 20वें रोजगार मेले के साथ ही लगभग 12,75,000 युवाओं को नियुक्ति पत्र मिले हैं। रोजगार मेला युवाओं के लिए रोजगार के अवसर पैदा करने और देश की विकास यात्रा में उनकी ज्यादा भागीदारी सुनिश्चित करने पर सरकार के लगातार ध्यान को दर्शाता है। अनुपम मिश्रा के साथ शिवांग मिश्रा, आकाशवाणी समाचार, दिल्ली।" )*

# PM - ENVIRONMENT CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પર્યાવરણ અને આબોહવા ગતિશીલતાનું ભવિષ્ય" વિષય અંગે એક આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. રાષ્ટ્રીય હરિત ટ્રિબ્યુનલ દ્વારા બે દિવસીય પરિષદનું આયોજન કરાયું છે. જેમાં પર્યાવરણીય નિષ્ણાતો અને સર્વોચ્ચ અદાલત, રાજ્યની વડી અદાલતો સહિત જિલ્લા અદાલતોના ન્યાયાધીશો, વિવિધ મંત્રાલયોના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ પણ ભાગ લેશે.

રાજ્ય ન્યાયિક અકાદમીઓ, રાજ્ય કાનૂની સેવા સત્તાવાળાઓ, રાજ્ય નિષ્ણાત મૂલ્યાંકન સમિતિઓ, રાજ્ય પર્યાવરણીય અસર મૂલ્યાંકન સત્તાવાળાઓ અને રાજ્ય વેટલેન્ડ સત્તાવાળાઓના પ્રતિનિધિઓ અને 17 દેશોના ન્યાયાધીશો અને ન્યાયિક પ્રતિનિધિઓ પણ ભાગ લેશે.

આ પરિષદમાં નીતિનિર્માણ, અમલીકરણ અને અમલીકરણમાં ખામીઓ સહિત મુખ્ય પર્યાવરણીય અને આબોહવા પડકારોની ચર્ચા કરશે. પર્યાવરણીય શાસન પ્રક્રિયાઓ અને સંસ્થાકીય અનુભવોની ચર્ચા કરવામાં આવશે.

# JPC-FCRA

વિદેશી યોગદાન નિયમન સુધારા વિધેયક 2026 અંગે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિની પ્રથમ બેઠક નવી દિલ્હીમાં યોજાઈ હતી. લોકસભા સાંસદ સંજય જયસ્વાલની અધ્યક્ષતામાં ગઈકાલે મળેલી બેઠકમાં ગૃહ મંત્રાલયના અધિકારીઓએ સમિતિના સભ્યોને વિધેયકની જોગવાઈઓ વિશે માહિતી આપી હતી.

સમિતિમાં લોકસભાના 21 અને રાજ્યસભાના 10 સભ્યો સામેલ છે. ગયા મહિને 12 ઓગસ્ટના રોજ સંસદના બંને ગૃહોએ વિદેશી યોગદાન નિયમન સુધારા વિધેયક 2026ને વધુ તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિને મોકલવાની મંજૂરી આપી હતી. આ સુધારા વિધેયકનો હેતુ વિદેશી યોગદાનના ઉપયોગને વધુ પારદર્શક અને જવાબદાર બનાવવાનો છે.

# GOYAL-CANADA MINISTER

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ સાથે ભારત અને કેનેડા વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર અંગે વાટાઘાટો ઝડપી બનાવવા અંગે મુલાકાત.

બંને પક્ષોએ વાટાઘાટો ઝડપી બનાવવા અને વહેલામાં વહેલી તકે કરારને અંતિમ સ્વરૂપ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. વ્યાપક આર્થિક ભાગીદારી કરારથી માલ અને સેવાઓના વેપાર, રોકાણ અને આર્થિક સહયોગના અન્ય ક્ષેત્રોમાં નવી તકો ઊભી થવાની અપેક્ષા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાગીદારી કરારનું વહેલું નિષ્કર્ષ પરસ્પર લાભ માટે દ્વિપક્ષીય વેપારને વધુ વિસ્તૃત કરશે.

# RBI- SOFTWARE EXPORTS

ભારતની સોફ્ટવેર સેવાઓની નિકાસ 2025-26 માં વાર્ષિક ધોરણે 8.2 ટકા વધીને 221 અબજ ડૉલરથી વધુ થયો છે. ગઈકાલે જાહેર કરાયેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કમ્પ્યુટર સોફ્ટવેર અને માહિતી ટેકનોલોજી આધારિત સેવાઓ નિકાસ પરના વાર્ષિક સર્વેક્ષણમાં આ માહિતી આપવામાં આવી હતી. સર્વેક્ષણ માટે સાત હજાર 569 સોફ્ટવેર નિકાસ કંપનીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જેમાંથી બે હજાર 363 કંપનીઓએ પ્રતિભાવ આપ્યો હતો. આ કંપનીઓ કુલ અંદાજિત સોફ્ટવેર નિકાસમાં આશરે 89% હિસ્સો ધરાવે છે.

ભારતની સોફ્ટવેર નિકાસ માટે અમેરિકા સૌથી મોટું કેન્દ્ર રહ્યું, જે 54 ટકાથી વધુનો હિસ્સો ધરાવે છે. યુરોપ 31.8 ટકા સાથે બીજા ક્રમે હતું. યુકેનો હિસ્સો 15.4 ટકા હતો.

રિઝર્વ બેંકે એ પણ અહેવાલ આપ્યો છે કે ભારતીય કંપનીઓની વિદેશી પેટાકંપનીઓનો સ્થાનિક સોફ્ટવેર વેપાર 2025-26 માં 14 અબજ ડૉલરથી વધીને લગભગ 18 અબજ ડૉલર થયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# REV. PAKISTAN-BLAST

પાકિસ્તાનમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કોહાટ જિલ્લામાં ગઈકાલે એક મસ્જિદ પાસે થયેલા વિસ્ફોટમાં 15 પોલીસકર્મીઓ સહિત 21 લોકો માર્યા ગયા અને 100 થી વધુ લોકો ઘાયલ થયા.

કોહાટ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. તાહિર શાહે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા 73 પોલીસકર્મીઓ અને 30 નાગરિકો ઘાયલ થયા છે. પોલીસે જણાવ્યું હતું કે વિસ્ફોટ શુક્રવારની નમાજ દરમિયાન થયો હતો અને મસ્જિદ નજીક ખાડો પડી ગયો હતો. અજાણ્યા હુમલાખોરોએ સ્થળ પરથી ભાગી જતા પહેલા ચેકપોસ્ટને નિશાન બનાવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 6 આતંકવાદીઓ માર્યા ગયા છે. આતંકવાદી જૂથ ઇત્તેહાદ-ઉલ-મુજાહિદ્દીન પાકિસ્તાને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી અને પ્રધાનમંત્રી શેહબાઝ શરીફે ઘટનાની નિંદા કરી છે.

# 25 YEARS - NITI AAYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાર્વજનિક જીવનમાં 25 વર્ષ પૂરા કરી રહ્યા છે. તેમનું જીવન 'જન સેવા થી રાષ્ટ્ર સેવા' ના મંત્ર અને નિરંતર સમર્પણ સાથે જોડાયેલું રહ્યું છે. આકાશવાણી સમાચાર 'સેવા સંકલ્પ અભિયાન' પર વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યું છે. આજે આ જ કડીમાં, પ્રસ્તુત છે કે કેવી રીતે નીતિ આયોગ મંચના માધ્યમથી આ દ્રષ્ટિકોણને વ્યવહારમાં લાવવામાં આવ્યું છે.

## NEWS CAPSULE: AJAY INDREKAR ON NAKSAL

*(નીતિ આયોગે 1 જાન્યુઆરી 2015ના રોજ એક કેબિનેટ પ્રસ્તાવના માધ્યમથી યોજના આયોગની શરૂઆત કરી. જેને નાણાકીય સહાય સંસ્થાના બદલે એક નીતિ વિષયક સંસ્થા તરીકે તૈયાર કરવામાં આવી. તે ત્રણ મુખ્ય તંત્રો દ્વારા કાર્ય કરે છે: ગવર્નિંગ કાઉન્સિલ પ્રધાનમંત્રી અને દરેક મુખ્યમંત્રીઓને એક મંચ પર લાવે છે; રાજ્ય સહાય મિશન રાજ્ય સરકારોમાં નીતિ ટીમની સ્થાપના કરે છે; અને આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ માપવામાં આવેલા પરિણામો પર જિલ્લાઓનું મુલ્યાંકન કરે છે અને પરિણામો પ્રકાશિત કરે છે.*

*2017માં નવી દિલ્હી ખાતે નીતિ આયોગની ત્રીજી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય આ મંચના માધ્યમથી એક ટીમ તરીકે સાથે મળીને કામ કરી રહ્યા છે.)*

## BYTE: PM ON NITI AYOG

*(નીતિ આયોગ હવે ભારત સરકારના અગ્રણી નીતિ થિંક ટેન્ક અને કેન્દ્ર-રાજ્ય ચર્ચાના મુખ્ય મંચ તરીકે કાર્ય કરે છે. મજબૂત રાજ્યો હવે મજબૂત રાષ્ટ્રનો સ્પષ્ટ પાયો બન્યા છે. અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

# ASIAN GAMES

જાપાનના આઈચી-નાગોયા સ્થિત પાલોમા મિઝુહો સ્ટેડિયમ ખાતે આજે એશિયન ગેમ્સ 2026 ઉદ્ઘાટન સમારોહ આજે ભારતીય સમય મુજબ બપોરે અઢી વાગ્યે શરૂ થશે. મનુ ભાકર અને તજિંદરપાલ સિંહ તૂર ઉદ્ઘાટન સમારોહમાં ભારતીય ધ્વજ સાથે ટીમનું નેતૃત્વ કરશે.

એશિયન ગેમ્સ આગામી ચોથી ઓક્ટોબર સુધી ચાલશે, જેમાં 500 થી વધુ ભારતીય ખેલાડીઓ 37 રમતોમાં ભાગ લેશે. ઈજાને કારણે ભાલા ફેંક ચેમ્પિયન નીરજ ચોપરા સ્પર્ધામાં નથી. પીવી સિંધુ બેડમિન્ટન, મીરાબાઈ ચાનુ વેઈટલિફ્ટિંગ ટુકડીનું નેતૃત્વ કરશે. શૂટિંગમાં મનુ ભાકર, લવલીના બોર્ગોહેન બોક્સિંગમાં ભાગ લેશે અને અમન સેહરાવત કુસ્તીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

એશિયન ગેમ્સની આ આવૃત્તિમાં 45 દેશો અને પ્રદેશોના ખેલાડીઓ 43 રમતો અને 469 મેડલ ઇવેન્ટ્સમાં ભાગ લઈ રહ્યા છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે..
- ગુજરાત સમાચાર લખે છે ભારતનો જીડીપી એક ટકા વધવાનો મૂડીઝનો આશાવાદ..
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે સાઈબર ક્રાઈમ - પાંચ વર્ષમા 54 લાખ ફરિયાદો, FIR માત્ર 2.4 ટકા...
- સંદેશનુ મુખ્ય શિર્ષક છે પાકિસ્તાનમા આત્મઘાતી હુમલો- 27ના મોત..
- ફૂલછાબની હેડલાઈન છે ભારતમા 17 વર્ષની સૌથી નબળા ચોમાસાના એંધાણ...